ગુજરાત સરકાર,
પંચાયત અને આરોગ્ય વિભાગ
પરિપત્ર ક્રમાંક: એમયુએન. ૩૩૭૨/૫(૭૨)-ઘ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૭-૨-૧૯૭૨.

## -: પરિપત્ર :-

ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૨૫૮ (૧) માં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે "નગરપાલિકાના કોઇપણ આદેશ અથવા ઠરાવનો અમલ બજાવણી કરવાથી અથવા નગરપાલિકા જે કંઇપણ કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય અથવા નગરપાલિકાવતી જે કંઇ પણ કરવાની તૈયારીમાં હોય અથવા કરવામાં આવતું હોય તે કરવાથી કલેકટરના અભિપ્રાય પ્રમાણે લોકોને ઇજા અથવા હેરાનગતિ થતી હોય અથવા થવાનો સંભવ હોય અથવા સુલેહનો ભંગ થાય એવો સંભવ હોય અથવા તે પ્રમાણે કરવું તે વિધિ વિરુદ્ધ હોય તો તે પોતાના સહીવાળા લેખિત આદેશથી તેની અમલ બજાવણી મોકુફ રાખી શકશે, તે કરવાનો પ્રતિબંધ કરી શકશે અને જે પ્રસંગે નગરપાલિકાના આદેશ અથવા ઠરાવની રૂએ કોઇ કામનો અમલ બજાવણી શરૂ અથવા પુરી થઇ ચુકી હોય તે પ્રસંગે કામની શરૂઆત પહેલાં જે તે સ્થિતિમાં હતું તે સ્થિતિમાં પુનઃ સ્થાપિત કરવાનો નગરપાલિકાને નિર્દેશ કરી શકશે" પ્રસ્તુત જોગવાઇ અન્વયે હુકમ કે આદેશ કરતાં પહેલાં કલેકટરશ્રી તરફથી કેટલાક કેસમાં નગરપાલિકાને રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવતી નથી. તેમ અનુભવે જણાયેલ છે. જો કે પ્રસ્તુત કલમમાં નગરપાલિકાને રૂબરૂ સુનાવણીની તક આપવાની સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ નથી. પરંતુ બોટાદ નગરપાલિકાના એક કેસમાં સ્પે. સી. એ. નં. ૧૪૪૬ સને ૧૯૭૦માં ગુજરાત હાઇકોર્ટે એવું મંતવ્ય દર્શાવેલ કે જ્યારે કોઇ કેસમાં કોઇ પક્ષના હકકને અસર થતી હોય ત્યારે તે અંગે કાયદા અન્વયેની જોગવાઇ પ્રમાણે હુકમ કરતાં પહેલાં સંબંધીત પક્ષને સાંભળીને હુકમ કરવો એવી હાઇકોર્ટના તથા સુપ્રિમ કોર્ટના ચુકાદા છે. તેથી પક્ષકારોને નોટીસ આપીને સાંભળીને નિર્ણય લેવામાં આવે તે જરૂરી જણાય. આવા કેસોમાં છેવટનો હુકમ કરતાં પહેલાં વચગાળાનો હુકમ કરી શકાય અને પક્ષકારોને સાંભળીને છેવટનો હુકમ કરી શકાય. આ મુદ્દા પર જ પ્રસ્તુત કેસમાં નગરપાલિકાને સુનાવણીની તક ન આપવા બદલ કલેકટરશ્રી ભાવનગરના હુકમ રદબાતલ કરવા યોગ્ય ના. હાઇકોર્ટ તરફથી ગણવામાં આવેલ. આ સંજોગોમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૨૫૮(૧) માં નગરપાલિકાને રૂબરૂ સુનાવણીની તક આપવાની સ્પષ્ટ જોગવાઇ નથી છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોને લક્ષમાં રાખીને કલેકટરશ્રી તરફથી પ્રસ્તુત કલમ નીચે હુકમ કરતાં પહેલાં સંબંધીત નગરપાલિકાને તેમજ [illegible] પક્ષને રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવે તે યોગ્ય ગણાશે.

....૨/-

આથી હવે પછી કલમ ૨૫૮ (૧) નીચે હુકમ કરતાં પહેલાં સંબંધિત તમામ પક્ષકારોને રૂબરૂ સુનાવણીની યોગ્ય તક આપવામાં આવે તે જોવા કલેકટરશ્રીઓને સુચના આપવામાં આવે છે.

૨. પક્ષકારોને સાંભળવામાં આવે તે દરમ્યાનમાં કલેકટરશ્રીને યોગ્ય લાગે તે વચગાળાની મનાઈ હુકમ કરી શકે અને પક્ષકારોને સાંભળીને વચગાળાની મનાઈ હુકમ ચાલુ રાખવો કે રદ કરવો તે અંગે નિર્ણય લઈ શકે.

૩. ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ક. મ. મહેતા
ઉપસચિવ,
પંચાયત અને આરોગ્ય વિભાગ.

પ્રતિ,

સર્વે કલેકટરશ્રી,

<u>નકલ રવાના :-</u>

પ્રમુખશ્રી, સર્વે નગરપાલીકાઓ.
નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.